# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે, કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માં સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં ધોરણ-૯ થી ધોરણ-૧૨ ના અભ્યાસક્રમમાં ૩૦% જેટલો ઘટાડો કરવામાં આવેલ છે. તેમજ પરીક્ષા પદ્ધતિમાં પણ ફેરફાર કરવામાં આવેલ છે. જે મુજબ ધોરણ-૯, ૧૦, ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં પ્રશ્નપત્રોમાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ વધારીને ૩૦% કરેલ છે. જે અગાઉ ૨૦% જેટલું હતું. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અગાઉની જેમ જ પ્રશ્નપત્રોમાં ૫૦% બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો અને ૫૦% વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોનું પ્રમાણ યથાવત રાખવામાં આવેલ છે. ધોરણ-૯ થી ૧૨માં પ્રશ્નપત્રોમાં વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોમાં ઇન્ટરનલ ઓપ્શનને બદલે જનરલ ઓપ્શન આપવામાં આવનાર છે. ઉક્ત ફેરફાર અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ ના મુખ્ય ૪૦ વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર તથા નમૂનાના પ્રશ્નપત્રો તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવેલા છે. જે તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મોકલી આપવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર પણ ઉક્ત વિગતો મૂકવામાં આવેલ છે. જેની સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

જા. નં/મા-૧/૨૦૨૧/૪૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક,
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા.: ૦૨/૦૨/૨૦૨૦

સ્થળ: ગાંધીનગર
તારીખ: ૦૧/૦૧/૨૦૨૧

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

પ્રતિ,
આચાર્ય શ્રી,
સુરત શહેર જિલ્લાની તમામ ઉ.મા. શાળાઓ તરફ
જાણ તથા અમલ સારુ..

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લા, સુરત.